**તા. ૨૦/૬/૨૫ : શાળા પંચાયત અંતર્ગત શાળાના માધ્યમિક અને ઉ.મા વિભાગમાં GS અને LR ની ચૂટંણી**નું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓ ચૂટંણીની પ્રક્રિયા વિશે જાણકારી મેળવે તથા મતાધિકારનું મહત્વ સમજે તેવા હેતુથી લોકશાહી ઢબે શાળામાં ચૂંટણી યોજવામાં આવી. GS અને LR ની આ ચૂંટણીમાં તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ ઉત્સાહપૂર્વક જોડાઇને પોતાની ફરજ નિભાવી. સમગ્ર ચૂંટણીનું આયોજન આચાર્યશ્રીમતી બિનીતાબેન ગોહિલના માર્ગદર્શન હેઠળ વંદનાબેન ભાભોર તથા કિરણભાઇ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. **ચૂટંણીનું પરિણામ GS (મા.વિ.) કથિરિયા જશ એ. (૧૦–અ), (ઉ.મા.) કાયસ્થ મીત (૧૨ વિ.પ્ર.) LR (મા.વિ.) વાનખેડે કેયા એ. (૧૦–અ) (ઉ.મા.) રંગુનવાલા ક્રિષ્ના (૧૨ વિ.પ્ર)**





**તા. ૨૧/૬/૨૫ : આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઊજવણી** અંતર્ગત ભરૂચ નગર પાલિકા તથા નારાયણ વિદ્યાલયના સંયુકત ઉપક્રમે જે.બી.મોદી પાર્કની બાજુમાં આવેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે શાળાના ધો ૯ થી ૧૧ ના વિદ્યાર્થીઓનો “યોગ” કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં નગરપાલિકાના કર્મચારીઓ, હોમગાર્ડ, GRD કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના યોગાસનો,પ્રાણાયામ કરી સ્વસ્થ જીવનમાં યોગના મહત્વને સમજયા. આ કાર્યક્રમના કન્વીનર શિક્ષક ચીમનભાઇ પરમાર તથા અલ્પેશભાઇ પટેલ હતા.

**તા. ૧૧/૭/૨૫ : શાળાના વિદ્યાર્થીઓ ફેશન ઇન્ડસ્ટ્રીઝથી માહિતગાર થાય તથા તેમાં કારકિર્દી અંગે અનુભવ મેળવે તેવા હેતુસર શાળામાં ધો ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ફેશન શોનું આયોજન કરવામાં આવ્યું હતું.** “પરંપરાગત ભારતીય વસ્ત્રો” ની થીમ પર યોજાયેલ આ ફેશન-શો માં લગભગ ૫૦ જેટલા વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓએ સુંદર ભારતીય વસ્ત્રો પરિધાન કરી રેમ્પ વોક કર્યુ હતું. આ ફેશન શોમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થી તથા વિદ્યાર્થીઓને નિર્ણાયકશ્રીઓ દ્વારા વિજેતા ક્રમાંક આપવામાં આવ્યાં. નિર્ણાયકશ્રી તરીકે અંગ્રેજી માધ્યમના પ્રિન્સીપાલ શ્રીમતી વિદ્યાબેન રાણા તથા શિક્ષક પૂર્વાબેન પ્રજાપતિએ ફરજ બજાવી હતી. આ સમગ્ર ફેશન શોનું સંચાલન શ્રીમતી કુસુમબેન માવર તથા વંદનાબેન ભાભોર દ્વારા કરવામાં આવ્યું હતું.



**તા. ૧૪/૮/૨૫ : શાળામાં જન્માષ્ટમી પર્વની ઊજવણી** નિમિતે ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા મટકી ફોડ નો કાર્યક્રમ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક મટકી ફોડીને કૃષ્ણજન્મોત્સવની ઊજવણી કરી આ કાર્યક્રમનું સંચાલન શ્રીમતી જયોતિબેન મજિઠિયા દ્વારા કરવામાં આવ્યું હતું.



